| Innovation ID | DTP0010000002854 | Sr No : 1 |
|---|---|---|
| Innovation Title | પશુને ખરવા-મોંવા (Foot and Mouth Disease) | |
| Category | પશુ સંવર્ધન | |
| Notebook Number | Lok(૫)૬, Dec.-૨૦૦૦, Pg.No.-૭ | |
| Brief | પશુને ખરવા-મોંવા (Foot and Mouth Disease) નો સામૂહિક ઈલાજ માટે આમીના પાન, સીંગળ, ખાખરા(Butea monosperma), ટેટું(Oroxylum indicum), બીલી(Aegle marmelos), કખરસીંગ, બહેરા, મોડસીંગ, ભીંડવળની છાલ અને મૂળ, માછલાં, ડુંગળી(Allium cepa), લસણ(Allium sativum)નો ઉપયોગ | |
| Detail | પશુને ખરવા-મોંવામાં ખરવા થાય ત્યારે પગની ખરીની વચ્ચે ચાંદા પડે છે, તાવ આવે છે, પશુની ખરીની ફાડમાં જે ફોલ્લા થાય તે ફોલ્લા ફૂટે ત્યારે ચેપી વાયરસ પીળા પ્રવાહી સાથે બહાર નીકળે છે, આ ફોલ્લીથી પશુને દુખાવો થાય છે, પશુ લંગડાતું ચાલે છે, કોઈકવાર પગની ખરીની ફાડમાં કીડા પડે છે, દુઝણાં પશુનું દૂધ ઉત્પાદન એકાએક ઘટી જાય છે અને પશુ બેચેની અનુભવે છે. જ્યારે પશુને મોંવા થાય ત્યારે પશુના મોઢા અને જીભના ઉપરના ભાગમાં સોજો આવે છે, ફોલ્લીઓ પડે છે, જીભમાં વેદના થાય છે, સતત લાળ પાડે છે, ફોલ્લીઓ ફૂટ્યા બાદ લાલાશ ચાંદા પડે છે, ચાંદા પડવાને કારણે પશુ સૂકું દ ાસ કે કડબ ખાઈ શક્તું નથી અને પશુ બેચેની અનુભવે છે.<br>આ સમસ્યાના ઉપચાર માટે આહવા તાલુકાના ગાંવ દહાડ ગામમાં લોકો જુદી જુદી વનસ્પતિના અર્કનો ઉપયોગ કરીને ખરવા-મોંવા (Foot and Mouth Disease) થાય જ નહિ તે માટે સામૂહિક ઈલાજ કરે છે.<br>ખેડૂતમા જણાવ્યા મુજબ આમીના પાન, સીંગળ, ખાખરા (Butea monosperma), ટેટું(Oroxylum indicum), બીલી(Aegle marmelos), કખરસીંગ, બહેરા અને મોડસીંગ(Helicteres isora) આ બધા વૃક્ષોની ૨૫૦ ગ્રામ પ્રમાણે છાલ લેવામાં આવે છે. આ ઉપરાંત ભીંડવળની છાલ તથા મૂળ ૨૦૦ ગ્રામ, માછલાં ૧૦૦ ગ્રામ, ડુંગળી(Allium cepa) ૧૦૦ ગ્રામ અને લસણ(Allium sativum) ૫૦ ગ્રામ. ઉપરોક્ત તમામ પદાર્થોને એક મોટા વાસણમાં લઈ તેમાં ૨૦ લિટર પાણી ઉમેરી ૧૨ કલાક સુધી મૂકી રાખીએ છીએ. જેથી દ્રાવણ તૈયાર થાય છે. આ દ્રાવણ પશુઓ ઉપર છંટકાવ કરવાથી રોગ નાબૂદ થાય છે. આ પદ્ધતિ અજમાવવાથી ખરવા-મોંવા ગામના પશુઓને થતો નથી.<br><br>(નોંધ:- આ પદ્ધતિનું પી.આઈ.સી ઓક્ટોમ્બર ૨૦૦૪માં પ્રવિણ વણકરે કરેલ છે.) (આ પદ્ધતિ સાચી છે.) | |
| Method of Use | | |
| Caution | | |
| Benefit | | |
| Condition | | |
| Material Used | આમીના પાન, સીંગળ, ખાખરા(Butea monosperma), ટેટું(Oroxylum indicum), બીલી(Aegle marmelos), કખરસીંગ, બહેરા, મોડસીંગ, ભીંડવળની છાલ અને મૂળ, માછલાં, ડુંગળી(Allium cepa), લસણ(Allium sativum). | |
| IPR Status | | |
| Keywords | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૪૯ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | પ્રવિણકુમાર | Middle Name | નાથાભાઈ | Last Name | વણકર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. ધામણિયા | | | Taluka | લુણાવાડા |
| District | Panchmahals | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૮૫૬ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | મહેશ | Middle Name | કે. | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું.પો. કુડોલ | | | Taluka | મોડાસા |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૧૬૬૭ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | મગનભાઈ | Middle Name | સાવજીભાઈ | Last Name | બારે (ભગત) |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ગાંવદહાડ, પો- સીંગણા | | | Taluka | આહવા |
| District | Dangs | State | Gujarat | Country | India |
| Biography | ઉત્તરદાતાની ઉંમર ૪૦ વર્ષની છે. તેમના પત્નિનું નામ જત્રીબહેન છે. જત્રીબહેનનું પિયર સાવરખલ ગામ છે. તેમણે ચાર દિકરા અને બે દિકરી છે. તેમણે ૧૬ વિધા જેટલી જમીન છે. ઉત્તરદાતાને અન્ય ચાર ભાઈ છે જેમાં ઉત્તરદાતા પાંચમા નંબરના છે. ઉત્તરદાતા છેલ્લા ૨૫ વર્ષથી ભગતનું કામ કરે છે. બાપુજી આવજુભાઈ ડેવુભાઈ બારે કામ કરતા તેમના પાસેથી શીખેલા તેમના પિતાએ ૪૦ વર્ષ સુધી દવાઓ કરેલી<br><br>ગામનો પરિચય-<br>આ ગામમાં ૮૭ ઘરની વસ્તી છે. આ ગામમાં બધાજ જ્ઞાતિના લોકો વસે છે.<br>આ ગામમાં ગ્રામ પંચાયત છે, પ્રાથમિક શાળા ૧ થી ૭ ધોરણ સુધીની છે. મોટાભાગના આદિવાસી લોકો જ છે. (હિન્દુ કોકણી) | | | | | |

| Innovation ID | DTP0010000002856 | Sr No : 2 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | પશુને ગરમી (Oestrus)માં લાવવા |
| Category | પશુ સંવર્ધન |
| Notebook Number | Lok(૫)૬, Dec.-૨૦૦૦, Pg.No.-૭ |
| Brief | પશુને ગરમી (Oestrus) માં લાવવા માટે જેઠીમધ(Glycyrrhiza glabra) અને ગોળનો ઉપયોગ |
| Detail | પુખ્ત વયના માદા પશુઓ ઘણી વખત ગરમી (Oestrus) મા આવતા નથી. આવું થાય ત્યારે પશુપાલકે કોઈ પ્રકારના આર્થિક વળતર વિના પશુને નિભાવવા પડતા હોય છે. આ સમસ્યાના ઉપચાર માટે આહ્વા તાલુકાના સાજુપાડા ગામના શ્રી સંપતભાઈ કુંકણી જેઠીમધ (Glycyrrhiza glabra)ના પાન તથા ગોળનો ઉપયોગ કરતાં હોય છે.<br>ખેડૂતના જણાવ્યા મુજબ, જેઠીમધના પાન આશરે બે ખોબા જેટલા (૧૦૦ થી ૧૫૦ ગ્રામ) લઈ, એક કિલો ગોળ સાથે પશુને ખવડાવવામાં આવે છે. જો પશુ ન ખાય તો બન્ને વસ્તુને મિશ્ર કરી ઉકાળો કરવામાં આવે છે. ત્યારબાદ ઠંડુ પડયે નાળ વડે પીવડાવવામાં આવે છે.<br>ખેડૂતના અનુભવ પ્રમાણે, આ ઉપચાર કરવાથી બારથી પંદર દિવસમાં પશુ ગરમી (Oestrus) માં આવી જાય છે. ગર્ભાશયનો બગાડ હોય ત્યારે તથા પશુને મેલી ન પડતી હોય ત્યારે પણ જેઠીમધ ઉપયોગી વનસ્પતિ છે. |
| Method of Use | |
| Caution | આ પદ્ધતિની આડ અસર એ છે કે, ગાભણ પશુને અજાણતાં જેઠીમધના પાન ખવડાવવામાં આવે તો ગર્ભપાત થઈ જતો હોય છે. |
| Benefit | |
| Condition | |
| Material Used | જેઠીમધ(Glycyrrhiza glabra) , ગોળ |
| IPR Status | |
| Keywords | ગરમી, Oestrus, પશુ, જેઠીમધ, Glycyrrhiza glabra, પાન, ગોળ, આહ્વા |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૨૫ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | ચીમનભાઈ | Middle Name | | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | Taluka | | | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૭૭૯ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | સંપતભાઈ | Middle Name | જતરીયાભાઈ | Last Name | કુંકણી |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. સાજુપાડા, પો-બરડીપાડા | Taluka | આહ્વા | | |
| District | Dangs | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000002857 | Sr No : 3 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | મરઘાને શરદી (Cold) તથા સફેદ ઝાડા (Diarrhoea) |
| Category | પશુ સંવર્ધન |
| Notebook Number | Lok(૫)૬, Dec.-૨૦૦૦, Pg.No.-૮ |
| Brief | મરઘાને શરદી (Cold) તથા સફેદ ઝાડા (Diarrhoea) થાય ત્યારે બહેડા (Terminalia bellirica) ની છાલ, અમર વેલ (Cuscuta reflexa), નદીની છીપ અને પાણીનો ઉપયોગ કરવો. |
| Detail | સંશોધકના જણાવ્યા મુજબ, મરઘાને શરદી (Cold) થાય ત્યારે મરઘા ખોરાક લેવાનું બંધ કરે છે, આંખો મીચીં સુસ્ત જણાય છે, નાકમાંથી સ્ત્રાવ નીકળે છે તથા ઘણીવાર સફેદ ઝાડા (Diarrhoea) થાય છે. આ સમસ્યાના નિવારણ માટે આહવા તાલુકાના માન મહુડી ગામના શ્રી પ્રભાકરભાઈ ચૌધરી તથા શ્રી સુનિલભાઈ સૂર્યવંશી બહેડા (Terminalia bellirica) તથા અમરવેલ (Cuscuta reflexa)નો ઉપયોગ કરી ઉપચાર કરે છે. ખેડૂતોના અનુભવ મુજબ, મરઘાને આ રોગની અસર જણાય કે તુરંત ૨૫૦ ગ્રામ બહેડાની છાલ અને ૨૫૦ ગ્રામ અમરવેલને મિશ્ર કરી વાટવામાં આવે છે. ત્યારબાદ એક લિટર પાણીમાં પલાળવામાં આવે છે. આ ઉપરાત ૨૫૦ ગ્રામ સીપી (નદીમાં જોવા મળતી છીપ) ને ઉકાળવામાં આવે છે ત્યારબાદ ઠંડુ થયે બહેડાની છાલના રસમાં મિશ્ર કરવામાં આવે છે. આ પાણી મરઘાના નિવાસની આજુબાજુ પીવા માટે મૂકવાથી મરઘાને આરામ થાય છે. અમારા વિસ્તારમાં મોટાભાગના ખેડૂતો આ પદ્ધતિનો ઉપયોગ કરે છે. |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | બહેડા (Terminalia bellirica)ની છાલ, અમર વેલ (Cuscuta reflexa), પાણી, નદીની છીપ |
| IPR Status | |
| Keywords | બહેડા (Terminalia bellirica)ની છાલ, અમર વેલ (Cuscuta reflexa), પાણી, નદીની છીપ, મરઘાને શરદી (Cold) તથા સફેદ ઝાડા (Diarrhoea), ડાંગ |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૦૩૪ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | પ્રભાકરભાઈ | Middle Name | હિરાભાઈ | Last Name | ચૌધરી |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. માન મહુડી, | | | Taluka | આહવા |
| District | Dangs | State | Gujarat | Country | India |

Biography

આ ખેડૂતની ઉંમર ૪૦ વર્ષની છે. તેઓ ધોરણ ૬ સુધી અભ્યાસ કરેલ છે. તેમની આર્થિક પરિસ્થિતિ મધ્યમ છે. તેમને બે દિકરા અને ત્રણ દિકરીઓ છે. તેઓ ખેતીવાડી અને પશુપાલનનો મુખ્ય ધંધો છે. બાકીના સમયમાં છુટક મજુરી છે. તેઓનો રસનો વિષય ખેતી અને પશુપાલન છે. તેઓ ખેતીમાં નાગલી, ડાંગર, વરાઈ, બંટી આ સિવાય પણ અન્ય પાકોની ખેતી કરે છે. આંબાને આવકના સાધનમાં બે બળદ અને સાંતી પણ છે.

ગામનો પરિચય –
ગામની વસ્તી ૧૨૦૦ની આસ પાસ છે. તેમજ ૧૩૫થી વધારે મકાનો છે. ગામમાં કંથોડીયા, ચૌધરી, ગાવીત, પવાર, તેમજ અન્ય જ્ઞાતિના લોકો રહે છે.આ ગામમાં ગામલોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. આ ગામની જમીન લાલ, કાંકરાવાળી, લાલચીકણી તેમજ મધ્યમ કાળી જમીન ડાંગરની ક્યારીની જમીન પણ છે. આ ગામમાં મુખ્ય પાક તરીકે નાગલી અને ભાત આ સીવાય ગામમાં એક ફોરેસ્ટની ઓફિસ પણ છે. આ ગામમાં ૧થી ૪ ધોરણ સુધીની ભણવાની સગવડ પણ છે તેમજ એક આંગણવાડી પણ છે. આ ગામમાં અન્ય નાનામોટા વૃક્ષો પણ છે. જે જંગલ ઝાડીમાં જોવા મળે છે. જેવા કે સાગ, સાદડ, મહુડા, નીલગીરી, રગતરોયડા, બંગાળી બાવળ, સાદડ, બહેડા આ સિવાય અન્ય વૃક્ષો પણ જોવા મળે છે. તેઓ જંગલમાંથી લાકડા લાવે છે. તેમજ જંગલમાંથી ગુંદર, લાખ વીણીને બજારમાં વેચવા જાય છે અને આ સિવાય ઉનાળાની સીજનમાં સ્ત્રીઓ મહુડા વીણીને તેમાંથી તેલ કાઢે છે અને તેનો દારૂ પણ બનાવે છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૭૮૦ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | સુનિલભાઈ | Middle Name | વિષ્ણુભાઈ | Last Name | સૂર્યવંશી |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. માન મહુડી | | | Taluka | આહવા |
| District | Dangs | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૭૮૧ | Member Type | Other | | |
|---|---|---|---|---|---|
| First Name | પરષોત્તમભાઈ | Middle Name | ભારતસિંહ | Last Name | પટેલ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. આંકલી, પો. દૂધિયા (બામરોલી) | | | Taluka | દેવગઢ બારીઆ |
| District | Dahod | State | Gujarat | Country | India |
| Biography | | | | | |